# જિલ્લામાં સૌથી વધુ નીલગીરીના વૃક્ષ નોંધાયા

**કુલ ૧૩૮.૫૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું જેમાં ૯૩.૪૬ ટકા ટીંબરના ઝાડ, ૩.૭૩ ટકા ફળોના ઝાડ, ૨.૮૧ ટકા અન્ય ઝાડનું વાવેતર નીલીગીરીના ૭૪.૫૫ ટકા વૃક્ષ નોંધાયા તેની સામે વડના વૃક્ષની સંખ્યા નહિવત**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ૧૩૮.૫૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ૯૩.૪૬ ટકા ટીંબરના ઝાડ, ૩.૭૩ ટકા ફ્રૂટના ઝાડ, ૨.૮૧ ટકા અન્ય ઝાડનો સમાવેશ થાય છે. ગાંધીનગર વન વિભાગની આંકડાકીય વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ વૃક્ષો નીલીગીરીના નોંધાયા છે. ૭૪.૫૫ ટકા વૃક્ષો નીલીગીરીના છે. બીજા નંબરે લીમડાના ૮.૦૭ ટકા વૃક્ષો, ત્રીજા નંબરે દેશી બાવળ ૪.૨૫ ટકા વૃક્ષો, ચોથા નંબરે અરડુસો ૪.૧૧ ટકા વૃક્ષો અને પાંચમા નંબરે કણજી ૨.૧૨ ટકા વૃક્ષો નોંધાયા છે. જ્યારે ફળોના ઝાડની વાત કરીએ તો સૌથી વધુ આંબળાના ૦.૭૬ ટકા ઝાડ, બીજા ક્રમે સરગવો ૦.૭૩ ટકા ઝાડ, ત્રીજા ક્રમે આંબો ૦.૫૭ ટકા ઝાડ, ચોથા ક્રમે લીંબુ ૦.૪૭ ટકા ઝાડ નોંધાયા છે. એટલે ગાંધીનગર જિલ્લામાં સૌથી વધારે નીલીગીરી, લીમડો, દેશી બાવળ, અરડુસો, કણજી, આંબણા, સરગવો, આંબો અને લીંબુના ઝાડ છે. વન વિભાગ દ્વારા દર બે વર્ષે ગાંધીનગર જિલ્લાના વૃક્ષોની ગણતરી કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૦૩ માં ૫૭.૬૯ ટકા વૃક્ષો નોંધાયા હતા. વર્ષ ૨૦૦૮માં પ્રતિ હેક્ટર ૫૮.૨૫ ટકા વૃક્ષો પ્રતિ હેક્ટર નોંધાયા હતા. વર્ષ ૨૦૧૩માં ૬૩.૨૬ ટકા વૃક્ષો નોંધાયા હતા. વર્ષ ૨૦૧૭માં ૬૨.૭૪ ટકા વૃક્ષો નોંધાયા હતા.

પર્યાવરણના સમતુલન માટે વૃક્ષોની હાજરી અનિવાર્ય છે પરંતુ વિકાસની આડમાં વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. જેટલા વૃક્ષો કપાય છે તેટલા નવા વાવવામાં આવતા નથી. પરિણામે પર્યાવરણને નુકસાન પહોંચે છે. ગાંધીનગર જિલ્લામાં વ્યક્તિઓની સરખામણીએ વૃક્ષો ઓછા છે. વર્ષ ૨૦૨૧માં વૃક્ષની ગણતરીમાં ૩,૯૧,૬૨૩ નિલગીરીના વૃક્ષો નોંધાયા હતા. લીમડાના ૪૨,૩૯૬, દેશી બાવળના ૨૨,૩૨૬, અરડુસો ૨૧,૫૬૫, કણજી ૧૧,૧૫૩ જેટલા ઝાડ નોંધાયા હતા. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે દરેક બાળકને પ્રોત્સાહન આપી વૃક્ષોની સંખ્યા વધારવા જોઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે.

શહેરી વિસ્તારોની જુદા જુદા પ્રકારના વૃક્ષોની ગણતરી કોરોના મહામારીને કારણે થઈ શકી નથી જે અંગે વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ હતુ. આગામી સમયમાં ગણતરી હાથ ધરાશે તેવી પુષ્ટિ કરી હતી.

# શહેર-જિલ્લા કોંગ્રેસની સંયુક્ત કારોબારી બેઠક ગાંધીનગરમાં મળી



ગાંધીનગર, તા. ૪

દેશના વર્તમાન ભારતીય જનતા પક્ષના સાશકોની માનસિકતા અને નીતિઓને કારણે સમગ્ર દેશ મોઘવારી, બેરોજગારી તથા ભૂખમરા જેવી માનવસર્જિત ત્રાસદીથી પીડાઈ રહ્યો છે. ગુજરાત તથા કેન્દ્રની કહેવાતી ડબલ એન્જિનની સરકાર સમગ્ર મામલે નિસ્ફળ નીવડી છે ત્યારે કોંગ્રેસ પક્ષ તથા તેના કાર્યકરો આમ જનતાને રાહત પહોચડવા કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિની સંયુક્ત વિસ્તૃત કરોબારી બેઠક તા. ૩-૬-૨૦૨૨, શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકથી ૫.૩૦ કલાક દરમ્યાન ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. ગાંધીનગર લોકસભા બેઠકના નિરીક્ષકો સર્વ દીપકભાઈ બાબરિયા, ડો.ચંદ્રિકાબેન ચુડાસમા, જિલ્લા કોંગ્રેસના નિરીક્ષકો સર્વ ડો. જીતુભાઈ પટેલ, ગૌતમભાઈ ધનાવાડિયા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા., શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, શહેર કોંગ્રેસના નિરીક્ષકો સર્વ બિમલભાઈ શાહ તથા જી.એમ. પટેલ બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકને સંબોધતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખે સરકારની તીખા શબ્દોમાં આલોચના કરી હતી. દીપકભાઈ બાબરિયાએ સંગઠનને મજબૂત કરવા આહવાન કર્યું હતું. ડો. સી.જે. ચાવડાએ સરદાર પટેલ સ્ટેડિયમનું નામ બદલી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવા બાબતે કહ્યું હતું કે એક બાજુ લોખડી પુરુષ અને બીજી બાજુ પાખંડી પુરુષની લડાઈ છે. જેમાં લોખંડી પુરુષનો ચોક્કસ વિજય થશે તેમ જણાવ્યુ હતું.

## ડૉ ગુલાબચંદ પટેલને મળ્યું ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ સન્માન



ગાંધીનગર, તા.૪

આંતરરાષ્ટ્રીય કાવ્ય પ્રેમી મંચ દ્વારા ભારત કો જાનો કાર્યક્રમ એક રાજ્ય એક ગીત હિન્દીમાં ડૉ. મમતા સૈની તનજાનિયા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક તથા ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રેબલ ટ્રસ્ટના દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ગુજરાત વિશે પોતાની રચના પ્રસ્તુત કરી હતી. આ રચના વીડિયો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. ડૉ ગુલાબચંદ પટેલનું ગીત ગુજરાત કે વીડિયો પસંદ થતાં તેઓને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. ડૉ. ગુલાબચંદ પટેલને ખંભોળજ સાહિત્ય સંસ્થાના અધ્યક્ષ શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



પૂર્વમંત્રી અને ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ખુમાનસિંહ વાસિયા પુનઃ ભાજપમાં જોડાયા છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે તેઓએ ખેસ પહેર્યો હતો અને મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાના હસ્તે ટોપી પહેરી ભાજપમાં પુનઃ પ્રવેશ કર્યો છે.

## હવે, આ ભૂલકાંઓની મોજ જાળવી રાખવાની આપણી જવાબદારી..!!



ગાંધીનગર,તા.૦૪

આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે, વિકાસની આંધળી દોટમાં આપણે સમગ્ર પૃથ્વી પર જે પર્યાવરણીય નુકસાન પહોચાડ્યું છે તેના કારણે આ પૃથ્વીની તંદુરસ્તી જોખમાઇ છે તે અંગે ચિંતા અને ઉપાય કરવાનો દિવસ છે. આપણે તો ભાવિ પેઢીને વારસામાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ સહિત ક્લાઈમેટ ચેન્જ જેવી યાતનાઓ જ આપવાની વ્યવસ્થા ગોઠવી દીધી છે જે માટે આપણે તેમને કદાચ મ્હોં બતાવવાને પણ લાયક નથી રહ્યાં. કોરોના જેવી ભયાનક મહામારીઓને શક્તિશાળી બનાવવા પાછળ પણ આપણી આ ભૂલોનું ફળ છે. ખૂબ મોડું તો થઈ જ ચુક્યું છે પરંતુ હજુ પણ જાગવાનો સમય છે. ભાવિ પેઢીને વારસામાં પર્યાવરણ જતન પ્રત્યે આપણાં કરતાં લાખ ગણી ગંભીરતા કેળવાય તે માટે આપણે પણ હવે ગંભીર થવું જ રહ્યું... વાવોલ ખાતેના દિવા સમર કેમ્પના ભુલકાંઓ જે મોજથી વૃક્ષારોપણ કરી રહ્યાં છે તે મોજ ભાવિ પેઢીમાં જળવાઈ રહે તે રીતે તેનું જતન કરવાની જવાબદારી આપણે સૌ નિભાવીએ એવો સંકલ્પ આજે કરવો પડશે.



વિશ્વ પર્યાવરણ દિનના અવસરે સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શાળા કેમ્પસની ૪૦ એકર જમીનમાં ૪૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં અગ્રણીઓ સંજયભાઈ થોરાત, ડૉ. મયુર જોષી, મનોજ જોષી તથા લાયોનેસ ક્લબના પાસ્ટ પ્રેસીડન્ટ મમતાબેન રાવલ, ફેમિનાના પ્રેસીડન્ટ વૈશાલીબેન, અંજનાબેન નિમાવત, શાળાના આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

